# હેમચંદ્રાચાર્યનાં પૌરાણિક દ્રષ્ટાંતો

ડૉ.સી.બી.રાઠવા
શ્રી વી. એમ. સાકરિયા મહિલા કૉલેજ, બોટાદ

મહાન વ્યક્તિત્વનાં સ્વામી આચાર્ય હેમચંદ્રાચાર્યએ એક જૈન કવિ અને મુની રૂપે સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળના વિપુલ યશની સાથે એકપ્રાણ બનીને ભારતીય સંસ્કૃત સાહિત્ય અને જૈન સહિત્યના ઇતિહાસમાં પોતાની યશગાથાને અમર કરી છે તો બીજી બાજુ પોતાની અતુલનીય અને અદભૂત કૃતિઓના સહારે સમગ્ર સંસ્કૃત અને જૈન સહિત્યના ઇતિહાસમાં એકમાત્ર કલિકાલ સર્વજ્ઞનું બિરુદ મેળવવાનું ગૌરવ પ્રાપ્ત કરે છે . સાથે સાથે રાજા કુમારપાળને અનુલક્ષીને લખાયેલું 'યોગશાસ્ત્ર' તો આજદિન સુધીના યોગ વિષયક જૈન અને જૈનેતર ગ્રંથોમાં એક નવી ભાત ઉપસાવે છે . જેવો રોગ તેવી દવા , તેમજ જેવી માણસની યોગ્યતા તેવો તેનો ઉપદેશ . કુશળ ગ્રંથકાર હેમચંદ્ર યોગશાસ્ત્ર રચીને કુશળ ગુરૂ તરીકેનું પોતાનું સ્થાન ઘણું ઉચું સાબિત કર્યું છે. તેમજ પોતે અનુભવી યોગી હોવાની ખાતરી કરાવી છે . હેમચન્દ્રાચાર્યએ પોતાનાં યોગશાસ્ત્રમાં જગતના કલ્યાણ અર્થે યોગશાસ્ત્રના સિદ્ધાન્તોની સાથે સાથે વિવિધ પૌરાણીક દ્રષ્ટાંતો દ્વારા સમગ્ર માનવ જગતને સન્માર્ગે વાળવાનો પ્રયત્ન કરેલો જોય શકાય છે.

### ચક્રવર્તી ભરત :-

યોગશાસ્ત્રનાં પ્રથમ પ્રકાશમાં હેમચંદ્રાચાર્યએ યોગનો મહિમા સમજાવે છે . જેમાં ૬ થી ૯ માં શ્લોક સુધી વિવિધ ઉપમા અને રૂપકો દ્વારા યોગ મહિમા સમજાવે છે . ત્યાર પછીના શ્લોકમાં આચાર્યશ્રી લખે છે કે " અરે યોગનું કેવું મહાત્મ્ય છે કે જેથી ભરત ક્ષેત્રનો સ્વામિ ભરત ચક્રવર્તી [૧] વિશાળ સામ્રાજ્યનું વહન કરતો હોવા છતાં કેવળ જ્ઞાન પ્રાપ્ત કરી શક્યો ." આ ભરતચક્રવર્તી સમગ્ર શરીર ઉપરથી આભૂષણો ઊતરીને જોતા તેમણે શરીરની આસુંદરતા સમજાઈ , આભૂષણોનું આકર્ષણ નકામું લગતા તેમનો વિચાર પ્રવાહ અંતર્મુખ થયો અને આભૂષણો ઉપરના મમત્વના ત્યાગની સાથે જ વિલાસવૈભવના સાધનો, વિશાળ રાજ્યપાટ અને પોતાનાં દેહ ઉપરનું મમત્વ પણ ઓસરી ગયું . આત્મોન્મુખી ઉગ્ર વિચારધારા વહી આવી અને તેજ ભવનમાં કેવળ જ્ઞાન પ્રગટ્યું.

આ દ્રષ્ટાંત દ્વારા આચાર્યશ્રી કુમારપાળ તરફ સંકેત કરતા હોય તેમ જણાય છે . કારણ કે યોગ શાસ્ત્રની રચના આચાર્યશ્રીએ કુમારપાળને ઉદેસીને કરી હતી . ભરત ચક્રવર્તી એક પૌરાણીક પાત્ર છે. વિવિધ પુરાણો અને મહાભારતમાં આ પાત્ર દ્રષ્ટિગોચર થાય છે પરંતુ તેમાં ઘણો તફાવત જોવા મળે છે.

### સુભૂમ :-

યોગશાસ્ત્રના દ્વિતીય પ્રકાશમાં આચાર્યશ્રીએ ગૃહસ્થીના બાર વ્રતો , સદગુરૂ વિવેક , સદગુરુનું સ્વરૂપ , અહિંસાવ્રત વગેરેનો નિર્દેશ કરે છે . જૈન ધર્મમાં અહિંસાવ્રતનું અનેરું મહત્વ હોય છે . હેમચંદ્રાચર્યાએ તેમના યોગશાસ્ત્રમાં અહિંસાવ્રતને વિસ્તારથી સમજાવે છે. યોગશાસ્ત્રનાં દ્વિતીય પ્રકાશના ૨૭ માં શ્લોકમાં સુભૂમનું દ્રષ્ટાંત આપે છે . આ સુભૂમ એક પૌરાણીક પત્ર છે. શ્રીમદ્ ભાગવતપુરાણ [૨] અને મહાભારત સભાપર્વમાં[૩] પરશુરામે એકવીસ વખત પૃથ્વીને નક્ષત્રીય કર્યાનો ઉલ્લેખ જોવા મળે છે. જૈનકથાઓમાં આ સંહારલીલાનું કારણ અલગજ પ્રકારનું જોવા મળે છે. જેમ કે ....

"સુભમ એક ચક્રવર્તી રાજા હતો . તે પરશુરામનો મસિયાઈ ભત્રીજો હતો , છતાં તેણે જ પરશુરામનો વધ કર્યો હતો . સુભમના પિતામહ અને પરશુરામના માસા અનંતવીર્યથી પરશુરામની માતા રૈણુકાને ગર્ભ રહ્યો હતો , તેથી પરશુરામે પોતાની માતાને મારી નાખી . અનંતવીર્યને એ અસહ્ય લાગ્યું અને તેણે પરશુરામના પિતા જમદગ્નિનો આશ્રમ છિન્નભિન્ન કરી નાખ્યો . પરશુરામે તેનો સામનો કર્યો અને અનંતવીર્યને મારી નાખ્યો . આ રીતે વેર અને તેની વસુલાતની પરંપરા શરૂ થઈ અને આગળ વધી. અનંતવીર્યનો પુત્ર કૃતવીર્ય પિતાના સમાચાર સાંભળી ગુસ્સે ભરાયો અને તેને પરશુરામના પિતાને મારી નાખ્યા . આથી પરશુરામનો ક્રોધાગ્ની ખુબ ભભૂકી ઊઠયો . તેને કૃતવીર્યને ખલાસ કર્યો . એટલેથી નહિ અટકતાં તેણે પૃથ્વીપટ પરથી સમસ્ત ક્ષત્રિય જાતિનું સાત વાર નિકંદન કાઢ્યું . પરંતુ હજુ સંહાર સીમાએ પહોચ્યો ન હોય તેમ એથી વિશેષ સંહાર બાકી રહ્યો

હતો. કૃતવીર્યની સગર્ભા સ્ત્રી નાસીને તાપસોના આશ્રમમાં જઈ છુપાઈ હતી .તપસ્વીઓએ તેને તથા ત્યાં જન્મેલા તેના પુત્ર સુભુમને પરશુરામની સંહારલીલાનાં ભોગ થતાં બચાવી લીધા હતા . ધીરે ધીરે સુભૂમ મોટો થયો. માતા પાસેથી બધા સમાચાર સાંભળ્યા અને પરિણામ એ આવ્યું કે તેણે પરશુરામનો વધ કર્યો અને પૃથ્વીને એકવીશ વાર બ્રાહ્મણ વિનાની કરી .આવી તીવ્રતમ હિંસાનું ફળ પણ તીવ્રતમ જ હોય . આચાર્ય હેમચંદ્રાચાર્યએ શાસ્ત્રનું પ્રમાણ લયને કહે છે કે 'શાસ્ત્રોમાં કહ્યું છે કે રોદ્રાધ્યાનમાં રત સુભૂમ અને બ્રહ્મદત્ત પ્રાણીઓનો વધ કરવાને કારણે સાતમી નરકે ગયા છે.[૪]

### મનુ :-

હિંસા શાસ્ત્રના દયાહીન અને લોભાંદ ઉપદેશકો વિશ્વાસું અને મંદબુધિવાળા લોકોને નર્ક લોકમાં પડે છે તેમ હેમચંદ્રાચાર્ય કહે છે.આ વાતને વધારે સુદ્રઢ કરવા માટે મનુસ્મૃતિનો આધાર ટાંકે છે.[૫]

### ચર્વક અને જૈમિની :-

ભારતીય દર્શનોમાં છ આસ્તિક દર્શનોને સ્વિકારવામાં આવ્યા છે જે ષડદર્શનનાં નામથી ઓળખાય છે . જયારે ત્રણ નાસ્તિક દર્શનોછે.ચાર્વકને નાસ્તિક દર્શનનાં પ્રણેતા માનવામાં આવે છે. હેમચંદ્રાચાર્યએ ચાર્વકનો ઉલ્લેખ કરતાં કહે છે કે....

वरं वराक श्चार्वाको योऽसौ प्रकटनास्तिका: ।
वेदोक्तितापसच्छद्मच्छन्नं रक्षो न जैमिनी: ।। योगशास्त्र २ - ३८

અર્થાત - "બિચારો ચાર્વક સારો કે તે પ્રકટ - ખુલ્લંખુલ્લો નાસ્તિક છે.પરંતુ મોટા મોઢે વેદ વચનો બોલતો તાપસના વેશમાં છુપાયેલો રાક્ષસ જૈમિની સારો નથી."

કેટલીક ક્રિયાઓમાં રચ્યાપચ્યા રહેવાને કારણે આવા લોકો ક્રીયાકાંડી કે કર્મ મિમાંસક પણ કહેવાય છે .તેથીજ આચાર્યએ કહ્યું છે કે ધર્મનો સ્પસ્ટ ઇનકાર કરનાર ચાર્વક સારો પણ ધર્મનાં નામે અધર્મનું આચરણ કરનાર જૈમિની સારો નથી.

### બ્રહ્મા,વિષ્ણુ, મહેશ,યમ, કાર્તિકેય :-

હિંદુ ધર્મશાસ્ત્રાનુસાર આ બધાજ દેવોનું ભરતીય સંસ્કૃતિમાં અનેરૂં મહત્વ છે . હિંદુ સંસ્કૃતિમાં દેવોની સંખ્યાની બાબતમાં મતમતાંતરો પ્રવર્તે છે. હેમચંદ્રાચાર્યએ યોગશાસ્ત્રના દ્વિતીય પ્રકાશમાં અહિંસાની ચર્ચા કરતાં ઉક્ત દેવોનો ઉલ્લેખ કરે છે. આગળનાં શ્લોકમાં જૈમિનીની ઉગ્ર ટીકા કર્યા બાદ આ બધા દેવો પ્રત્યે કુણી લાગણી પ્રગટાવતા તેઓ કહે છે કે....

को कोदण्ड्दण्ड्चक्रासिशूलशक्तिधरा: सुर: ।
हिंसका अपि हा कष्टं पूज्यन्ते देवताधिया ।। योगशास्त्र २ - ४९

અર્થાત - " એ અતિ અફસોસની વાત છે કે ધનુર્ધારી (શંકર) દંડધરી (યમ) ચક્ર તથા ખડગ ધરી (વિષ્ણુ) શુલધારી (શિવ) શક્તિધારી (કુમાર કાર્તિકેય) વગેરે દેવો હિંસક હોવા છતાં દેવત્વ બુદ્ધિથી પૂજાય છે.

આ બધાજ દેવોની કથાઓ પુરાણો અને વેદોમાં પ્રસિદ્ધ છે કુમાર કાર્તિકેયને નાયક તરીકે રજુ કરી મહાકવિ કાલિદાસે कुमारसंभवम् મહાકાવ્યની રચના કરી છે . આ બધાજ દેવો હિસંક હોવા છતાં દેવત્વ બુદ્ધિથી પૂજાય છે એમ કહીને દુઃખ વ્યક્ત કરે છે.

### કામદેવ :-

કામદેવ પ્રેમ અને સૌંદર્યનો અધિષ્ઠાતા દેવ છે .કામદેવની પત્નીનું નામ રતી છે . ઇન્દ્રિયોનાં સુખનો ઉપભોગ કરવો એ તેનું મુખ્ય કાર્ય છે . ઇન્દ્રિય સુખનો ત્યાગ કરી આધ્યાત્મિક સુખમાં લીન થવા પ્રયત્ન કરનાર ઉપર તે હુમલો કરે છે . કમળ,અશોક,આમ્રમંજરી,કેવડો વગેરે પાંચ બનો વાળો હોવા છતાં સમગ્ર સજીવ સૃષ્ટી પર તેનો પ્રભાવ જોવા મળે છે . હેમચંદ્રાચાર્યએ તેમના યોગશાસ્ત્રનાં દ્વિતીય પ્રકાશમાં કહે છે કે " ધનની આકાંક્ષાથી કોઢિયાને પણ કામદેવ સમાન જોનારી તથા કૃત્રિમ પ્રેમ વરસાવનારી સ્નેહ વિનાની વેશ્યાને ડાહ્યામાણસોએ ત્યજવી[૬] જોઈએ."

### રાવણ :-

પરસ્ત્રીગમન કરવું એ જૈન પરંપરામાં નિંદ્ય કર્મ છે .છતાં પરસ્ત્રીગમન કરવાથી જે ફળની પ્રાપ્તિ થાય તે વિશે આચાર્યશ્રીએ રાવણનું દ્રષ્ટાંત આપીને સમજાવે છે.

विक्रमाक्रान्तविश्वोऽपि परस्त्रीषु रिरंसया ।

कृत्वा कुलक्षयं प्राप्त नरकं दशकन्धरः ।। योगशास्त्र २ - ९९

અર્થાત - " પોતાનાં પરાક્રમથી સમસ્ત વિશ્વને પરાજિત કરનાર દશમસ્તક રાવણ પરસ્ત્રી સાથે રમણ કરવાની ઈચ્છામાત્રથી કુળનો વિનાશ કરીને નરક ગતિને પામ્યો." આમ પરસ્ત્રી લાલસાને પરિણામે તેને પોતાનાં કુળનો વિનાશ કર્યો.

**કુબેર :-**

પુરાણો કહે છે કર તે પુલસ્ત્ય ઋષિનાં પુત્ર વિશ્રવાનો પુત્ર હતો .તેથી તેને વૈશ્રવણ તરીકે પણ ઓળખવામાં આવે છે . તે ઉત્તર દિશાનો અધિપતિ છે . તેનું નિવાસ્થાન કૈલાસ છે .તે સર્વસંપન અને ખજાનાનો સ્વામી છે . તેથી તેને ધનપતિ પણ કહેવાય છે.

હેમચંદ્રાચાર્યએ યોગશાસ્ત્રમાં કુબેર, સીતા અને કામદેવનો એકજ શ્લોકમાં ઉલ્લેખ કરતાં કહે છે કે...

ऐश्वर्यराजरजोऽपि रुपमिनध्वजोऽपि ।

सीतया रावण इव त्याज्यो नार्य नरः ।। योगशास्त्र २ - १०२

અર્થાત - " જેમ સીતાએ રાવણનો ત્યાગ કર્યો તેમ સ્ત્રીઓએ ઐશ્વર્યમાં રાજરાજેશ્વર કુબેર સમાન અને સૌંદર્યમાં કામદેવ સમાન પરપુરુષનો ત્યાગ કરવો જોઈએ.

આમ યોગશાસ્ત્રમાં વિવિધ પૌરાણીક દ્રષ્ટાંતોનો ઉપયોગ હેમચંદ્રાચાર્યશ્રીએ યોગશાસ્ત્રના સિદ્ધાન્તોની સાથે સાથે કરે છે. પૌરાણીક નામોમાં સમાનતા જોવા મળે છે પણ કથાઓમાં ઘણી બધી વિસંગત્તા જોવા મળે છે .

**સંદર્ભ સુચિ :**

१ - अहो योगस्य महात्म्यं प्राज्यं साम्राज्यमुद्वहन् ।
अवाप केवल ज्ञानं भरतो भरताधिपः ।। योगशास्त्र. १ - १०

२ - यामाहुर्वासुदेवांशं हैहयानां कुलान्तकम् ।
त्रिसप्त कृत्वो इमांचक्रेनिःक्षत्रियां महीम् ।। श्रीमद् भगवतपुराण. ९ - १४

&

- त्रिसप्त कृत्वाः पृथ्वीं कृत्वा निःक्षत्रिणां प्रभु ।
समन्त पञ्चके चक्रे सोणितोदान् हयनदान्न्व ।। श्रीमद् भागवतपुराण. ९ - १९

३ - जामदग्न्येन रामेण क्षेत्रं यद्वशेषितम् ।
तस्माद तस्मादवरजं लोके यदिदं क्षत्र संज्ञितम् ।। महाभारत सभापर्व . १३ - २

४ - श्रूयते प्राणिघातेन रौद्राध्यान परायणौ
सुभूमौ ब्रह्मदत्ताश्च सप्तमं नरकं गतौ ।। योगशास्त्र. २ - २७

५ - મનુસ્મૃતિ, અધ્યાય - ૫- ૩૯ થી ૪૨

६ - कुष्टिनोऽपि स्मर समान पश्यन्ति धनकांक्षया
तन्वतीं कृत्रिमं स्नेहं निःस्नेहां गणिकां त्यजेत ।। योगशास्त्र. २ - ९२